# વિરમગામ નગરપાલિકા-જિ. અમદાવાદ

## સફાઈ કામદારની ભરતી અંગેની જાહેરાત

વિરમગામ નગરપાલિકામાં નીચે મુજબની જગ્યાઓ સરકારશ્રીના પ્રવર્તમાન
ધારાધોરણ મુજબ કમિશ્નરશ્રી,મ્યુનિસિપાલીટી એડમીનીસ્ટ્રેશનની કચેરી,ગુજરાત
રાજ્ય ગાંધીનગરના તા:૨૩/૧૦/૨૦૧૭ના પત્ર ક્રમાંક નં:નપાની/મહેકમ/સફાઈ
કામદાર ભરતી/ફા.નં./૧૪૪૨/૨૦૧૭ અન્વયે મંજુરી આપ્યા મુજબની શરતોને
આધિન-૫ ( પાંચ વર્ષ)સુધી ફીક્સ પગારના અજમાયશી તરીકે સીધી ભરતીથી
ભરવા માટે જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોની નિમણુંક કરવાની થતી હોય
અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ સંખ્યા | વર્ગ | શૈક્ષણીક લાયકાત | અનામત જગ્યાઓની વિગત | | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|---|---|
| | | | | સા.શૈ.પ. (સ્ત્રી) | બિન અનામત (વિકલાંગ) | |
| સફાઈ કામદાર | ૨ | ૪ | લખી વાંચી શકે તેવા | ૧ | ૧ | ૨ |

શરતો :-

૧)જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા:૨૩/૦૫/૨૨ સુધીમાં અરજી ફોર્મ વિરમગામ નગરપાલિકા
કચેરીએથી કામકાજના દિવસો દરમ્યાન વિના મુલ્યે મળી શકશે.તેમજ વિરમગામ
નગરપાલિકાની વેબ સાઈટ-www.viramgamnagarpalika.org પરથી ડાઉનલોડ કરી
શકાશે.જે નિયત કરેલ ફોર્મ અરજી તા:૨૩/૦૫/૨૨ સુધીમાં ફકત રજી.પોસ્ટ અથવા સ્પીડ
પોસ્ટથી જરૂરી આધાર પુરાવા સાથે રજુ કરવાની રહેશે.અન્ય રીતે રજુ થયેલ અરજી ધ્યાને
લેવામાં આવશે નહી.

૨) અરજદારે અરજી સાથે તાજેતરમાં પડાવેલ પાસપોર્ટ સાઈઝનો ફોટો નંગ-૧,શાળા
છોડયાનું પ્રમાણપત્ર અથવા જન્મ તારીખનો દાખલો,શૈક્ષણિક લાયકાતની સ્વ પ્રમાણિત નકલો
રજુ કરવાની રહેશે.અનામત વર્ગના ઉમેદવારો જાતિ અંગે સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ
કરવાનું રહેશે. સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું
પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

૩) સામાન્ય અરજદારની વય મર્યાદા ૧૮ થી ૩૪ વર્ષ સુધીની
રહેશે.એસ.સી.એસ.ટી./ઓબીસી તથા સ્ત્રી ઉમેદવારોને સરકારશ્રીના નિતિ નિયમ મુજબની
છુટછાટ મળવા પાત્ર છે.પરંતુ તમામ પ્રકારની છુટછાટની ગણત્રી કરતાં ઉમર ૪૫ વર્ષથી વધારે
હોવી જોઈએ નહી.ઉપલી વય મર્યાદાની ગણત્રી માટે જાહેરાતની તારીખ ધ્યાને લેવાની રહેશે
તેમજ નગરપાલિકામાં ફરજ બજાવતાં રોજમદાર કર્મચારીઓને ઉપલી વયમર્યાદા લાગુ પડશે
નહી.

૪) નિયામકશ્રી નગરપાલિકાઓ ગુ.રાજ્ય ગાંધીનગરના પત્ર ક્રમાંક:નપાની/યુ.૧/વશી/૪૦૩૫/
૧૪ તા:૦૩/૦૮/૨૦૦૪ના પરિપત્ર તેમજ અમરેલી નગરપાલિકાના સ્પે.સી.એ.
નં:૫૭૪૬/૧૯૯૯ ના નામદાર હાઈકોર્ટના ચૂકાદાને આધિન નગરપાલિકામાં કામ કરતા
કર્મચારીઓને ઉમરમાં છુટછાટ મળવાપાત્ર થશે.

૫) સફાઈ કામદારોની ભરતી રૂબરૂ મુલાકાતની જોગવાઈ અનુસાર કરવામાં આવશે.

૬) અધુરી કે સમયમર્યાદા બહાર મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી. અને આ અંગે
કોઈ પત્ર વ્યવહાર કરવામાં આવશે નહી.

૭) ઉમેદવારે અરજી ફોર્મની ઉપર કઈ જગ્યા માટે કઈ કેટેગરી(જાતિ)માંથી ઉમેદવારી
નોંધાવવામાં આવેલ છે તેનો અરજી ફોર્મમાં સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે.

૮)આ જાહેરાત તથા સમગ્ર ભરતી પ્રક્રીયામાં કોઈપણ કારણોસર ફેરફાર કરવાની કે રદ
કરવાની આવશ્યકતા ઉપસ્થિત થાય તો તેમ કરવાની તથા પસંદગી કરવી કે ન કરવી તે અંગે
નગરપાલિકાની પસંદગી સમિતિને સંપૂર્ણ અબાધિત હકક / અધિકાર રહેશે.નગરપાલિકાની
પસંદગી સમિતિ આ માટે કોઈ કારણો આપવા માટે બંધાયેલ રહેશે નહી.

૯) આ જગ્યાઓ પ્રવર્તમાન રોસ્ટર રજીસ્ટરને ધ્યાને લઈને કરવામાં આવશે.

૧૦) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિમાર્ણ વિભાગના પત્ર
ક્રમાંક:ઈએસટી/૧૦૨૦૦૫/૬૨૭૮/ આર તા:૦૮/૦૫/૨૦૦૬ના પત્ર મુજબ સીધી ભરતીથી
નિમણુંક પાંચ વર્ષના સમયગાળા માટે ફીક્સ પગાર,અજમાયશી, હંગામી ધોરણ તરીકે નિમણુંક
આપવામાં આવશે તથા સરકારશ્રી તરફથી વખતો વખત જે સુધારા જાહેર થશે તે લાગુ પડશે.

૧૧) ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે (રૂબરૂ મુલાકાત) સ્વ ખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૨) કોઈ ઉમેદવાર ખોટા પુરાવા રજુ કરીને નિમણુંક મેળવી લીધી હશે તો નિમણુંક મળ્યા પછી
તે પણ તેઓને નોકરીમાંથી વગર નોટીસે છુટા કરવામાં આવશે. અને તેવા ઉમેદવાર સામે
ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે.

જા.નં.૧૮૮ તા.૦૪-૦૫-૨૨

**વિનોદભાઈ રાઠોડ**
સભ્ય સચિવ પસંદગી સમિતિ
અને ચીફ ઓફીસર

**ભરતભાઈ ઠાકોર**
ચેરમેન કારોબારી સમિતિ

**દિપાબેન ઠકકર**
ઉપ પ્રમુખ અને ચેરમેન પસંદગી સમિતિ

**ચેતનભાઈ રાઠોડ**
પ્રમુખ

વિરમગામ નગરપાલિકા- વિરમગામ

ક્રમાંક/સંમાનિ/અમદ/૨૨૦/૨૦૨૨

સંદેશ- ૦૫/૫/૨૦૨૨